# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રાજકોટમાં ખેલ મહાકુંભનાં ત્રીજા તબક્કાનો ઉદ્ઘાટન કરાવશે. – 71 લાખ 30 હજાર રમતવીરો ભાગ લેશે.
2) કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ કહ્યું છે કે, સફળ નેતૃત્વ જ દેશને વિકાસની દોડમાં આગળ લઈ જઈ શકશે.
3) ભાવનગર ખાતે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ વેપાર અને ઔદ્યોગિક મેળાનો શુભારંભ કરાવ્યો.
4) ખોરાક અને ઔષધ નિયમન તંત્રે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનાં 182 દૂધનાં ટેન્કરોની આકસ્મિક તપાસ હાથ ધરી.
5) દેશમાં દરરોજ 75 હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી. નિગમ પ્રથમ સ્થાને.

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KHEL MAHAKUMBH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં આવતીકાલે ખેલ મહાકુંભનાં ત્રીજા તબક્કાનો ઉદ્ઘાટન કરશે.

રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, વર્ષ 2010 માં 13 લાખ રમતવીરોની સહભાગીથી આરંભ થયેલા ખેલ મહાકુંભમાં આજે 71 લાખ 30 હજારથી વધુ રમતવીરો ભાગ લેશે.

આ ખેલ મહાકુંભમાં અંડર 9 શ્રેણીથી માંડીને અબોવ 60 શ્રેણી સુધી મળીને 7 વયજૂનનાં ખેલાડીઓ વિવિધ 39 રમતોમાં ભાગ લેશે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રમતવીરોને 5 લાખ રૂપિયાથી માંડીને 10 હજાર રૂપિયા સુધીનાં રોકડ પુરસ્કાર આપવામાં આવશે. કુલ 45 કરોડનાં રોકડ પુરસ્કાર તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને આપવામાં આવશે. તેમણે વધુમાં કહ્યુ હતું કે, ખેલાડીઓ માટે ખાસ ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલે ખેલ મહાકુંભનાં ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખેલ મહાકુંભનાં બીજા તબક્કાની રાજ્યકક્ષાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓ, શ્રેષ્ઠ ત્રણ જિલ્લાઓ અને ત્રણ શ્રેષ્ઠ મહાનગરપાલિકાઓને પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે.

. . . . . . . . . . . . .

# CM GUJCON PROPERTY SHOW

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં ક્રેડાઈ દ્વારા આયોજિત પ્રોપર્ટી શો “ગુજકોન” નું ઉદ્ઘાટન કર્યું હતું.

મુખ્યમંત્રીએ જંત્રી સંલગ્ન તેમજ FSI માં છૂટ સહિતનાં તમામ રાહતનાં લાભ છેવાડાનાં માનવી સુધી પહોંચે તેવી હિમાયત ડેવલોપર્સ સમૂહને કરી હતી.

(બાઈટ – ભૂપેન્દ્ર પટેલ- મુખ્યમંત્રી)

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, વહીવટીતંત્ર, ડેવલોપર્સ અને મકાન ખરીદનારોના હિત સચવાય તેવી નીતિ અપનાવીને સરકાર રાજ્યનાં રિયલ એસ્ટેટ સેક્ટરને ગ્રોથ અને ગતિ આવી રહી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ક્રેડાઈની સીએસઆર પહેલનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સેપ્ટ યુનિવર્સિટી અને ક્રેડાઈ વચ્ચે પ્લમ્બર અને ઈલેક્ટ્રીશન માટેનાં અભ્યાસક્રમ શરૂ કરવાના સમજૂતી કરાર કરવામાં આવ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# PUBLIC LEADERSHIP CAMP-MANSUKH MANDAVIYAA

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું છે કે, રાષ્ટ્ર નિર્માણમાં આજના યુવાનો પોતાની સહભાગિતા દર્શાવી શકે તે માટે યુવાનોને સક્ષમ નેતૃત્વ શિખવાડવું ખૂબ જરૂરી છે કારણ કે સફળ નેતૃત્વ જ દેશને વિકાસની દોડમાં આગળ લઈ જઈ શકશે.

સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે યોજાયેલા જાહેર નેતૃત્વ અંગેના પ્રશિક્ષણના ત્રીજા તબક્કાના કેમ્પમાં કેન્દ્રીય મંત્રી મનસુખ મંડવીયાએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ –મનસુખ માંડવીયા, કેન્દ્રીય મંત્રી )

. . . . . . . . . . . . .

# PADVIDAAN SAMAAROH

અમદાવાદ સિવિલ મેડિસિટીની કિડની ઇન્સ્ટીટ્યુટ ખાતે ગુજરાત પ્રત્યારોપણ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયનો પાંચમો પદવીદાન સમારોહ આજે યોજાયો. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે વિવિધ તબીબી અભ્યાસક્રમના ૮૪ વિદ્યાર્થીઓને ડૉક્ટર્સની ડિગ્રી અને પ્રમાણપત્ર એનાયત કરાયા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે ભવિષ્યમાં ભારત, વિશ્વભરમાં આરોગ્ય વિકાસની દ્રષ્ટિથી ક્રાંતિ લાવવાનું કાર્ય કરશે. તેમણે પ્રત્યારોપણ વિજ્ઞાનમાં સેવા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે કાર્યરત સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પોતાના ઉદબોધનમાં માહિતી આપતા જણાવ્યું કે ટૂંક જ સમયમાં અમદાવાદ સિવિલ મેડિસિટીની કિડની ઇન્સ્ટીટ્યુટ ખાતે રોબોટિક સર્જરી પણ શરૂ કરવામાં આવશે.

આ વિશ્વવિદ્યાલયના ઉપ કુલપતિ ડૉ. પ્રાંજલ મોદીએઆ પ્રસંગે જણાવ્યું કે વર્ષ-૨૦૨૪ માં ૪૪૩ કિડની ટ્રાન્સપ્લાન્ટ સાથે અમદાવાદની આ કિડની ઇન્સ્ટિટ્યુટ સરકારી સંસ્થાઓમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

# UDYOGMELO - BHAAVNAGAR

ભાવનગર ખાતે આજે કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાના હસ્તે વાઈબ્રન્ટ ભાવનગર વિઝન-૨૦૩૦ અંતર્ગત વેપાર અને ઔદ્યોગિક મેળાનો શુભારંભ થયો. જવાહર મેદાન ખાતે આજથી ૬ જાન્યુઆરી સુધી યોજાનારા આ મેળાને ખુલ્લો મુકતા શ્રીમતી બાંભણીયાએ જણાવ્યું કે 5G જેવી ઉભરતી ટેક્નોલોજીઓ આવનારા દિવસોમાં આપણા ઉદ્યોગો અને વ્યવસાયોને વધુ સ્પર્ધાત્મક બનાવશે. તેમણે ઉમેર્યું કે આવનારા દિવસોમાં ભાવનગર, મોટા ઉદ્યોગોનુ હબ બનશે.

આ ઔદ્યોગિક મેળામાં ઊભા કરાયેલા અનેક પ્રકારના ઉદ્યોગોના સ્ટોલ્સની કેન્દ્રિય રાજ્યમંત્રી સહિતના મહાનુભાવોએ મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, ભાવનગરના ઉદ્યોગોને વિશાળ પ્લેટફોર્મ પૂરું પાડવા સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા આ ઉદ્યોગમેળાનું આયોજન કરાયું છે. જેના થકી ભાવનગરમાં MSME,પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ,ફૂડ પ્રોસેસસીંગ, શિપિંગ, રોલિંગ મિલ્સ જેવા ઉદ્યોગો માટે વિશાળ તકો ખુલ્લી થઈ છે.

. . . . . . . . . . . . .

# SHAMDAJI MAHOTSAV

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીનો બે દિવસીય શામળાજી મહોત્સવનો આજથી પ્રારંભ થયો છે.

બે દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાશે. આ અંગે વધુ માહિતી આપે છે. અમારા અરવલ્લીનાં પ્રતિનિધિ...

(બાઈટ – અરવલ્લી – અંકિત ચૌહાણ)

. . . . . . . . . . . . .

# MILK QUALITY TESTING

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનાં કુલ 182 થી વધુ દૂધનાં ટેન્કરોની આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આશરે 22 લાખ લીટર દૂધની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રનાં કમિશન ડૉ. એચ.જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યની જુદી જુદી સરહદી પર સઘન તપાસ હાથ ધરીને પરપ્રાંતથી આવતાં દૂધનાં ટેન્કરોની ચકાસણી કરવામાં આવી હતી.

(બાઈટ -- ડૉ. એચ.જી. કોશિયા)

. . . . . . . . . . . . .

# S.T. ON LINE TICKET

એસ. ટી. નિગમે છેલ્લા બે વર્ષમાં 4 કરોડથી વધુ ઓનલાઈન ટિકિટ દ્વારા 1 હજાર 36 કરોડ રૂપિયાથી વધુની આવક કરી છે. સમગ્ર ભારતમાં દૈનિક 75 હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી. નિગમ પ્રથમ સ્થાને છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

*(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)*

વર્ષ 2010થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ 2011 થી માસ્ટર ફ્રેન્ચાઈઝીના કરાર દ્વારા મુસાફરો અભિબસ, PTM જેવી એપ્લિકેશન દ્વારા પણ ઓનલાઈન એસ.ટી. બસની ટિકિટ બુકિંગ કરાવતા હતાં. આ ઉપરાંત એન્ડ્રોઈડ અને આઈ.ઓ.સી. મોબાઈલ એપ્લીકેશન પણ લોન્ચ કરવામાં આવી છે. મુસાફરો મોબાઈલ વેબ-એપ્લીકેશન www.gsrtc.in દ્વારા બુક કરાવેલી ટિકિટોનું – રિશિડ્યુલ – કેન્સલેશન તેમજ PNR સ્ટેટસ વગેરે સરળતાથી જાણી શકે છે. મુસાફરો 60 દિવસ અગાઉ ટિકિટ બુકિંગ કરાવી શકે છે. ટિકિટમાં કોઈ ફેરફાર કરવાનું થાય તે વિનામૂલ્યે કરી આપવામાં આવે છે.

. . . . . . . . . . . . .